# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં.એસજીજીયુ/યોગ/૨૦૧૭/૯૧૩૮

તા. ૧૩/૦૬/૨૦૧૭

## પરિપત્ર-૨૨૮

સંદર્ભ : સંયુક્ત સચિવશ્રી, રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરનો તા. ૩૦/૦૫/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : એસએજી-૧૦૨૦૧૭-GOI-૭-બ.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની દેન એવી યોગવિદ્યા વૈશ્વિક સ્તર પર સ્વીકૃતિ પામેલ છે. તદ અનુસાર પ્રતિ વર્ષે ૨૧મી જુનને "વિશ્વ યોગ દિન" તરીકે ઉજવવાનું સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા જાહેર કરાતા ગુજરાત રાજ્યમાં તેમજ સમગ્ર ભારત તેમજ વિશ્વમાં તા. ૨૧મી જુને "આંતર રાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવણી થાય છે.

રાજ્ય સરકારશ્રીના આદેશ અનુસાર યુનિવર્સિટીએ કોલેજ કક્ષાએ ૨૧મી જુને વિશ્વ યોગ દિનની ઉજવણી કરવાના નિર્ણય કરેલ છે. તદ્દ અનુસાર નીચેની સૂચનાનો અમલ કરવા જણાવવામાં આવેલ છે.

૧. ૨૧ મી જુન વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી માટે કોલેજ કક્ષાએ યોગ દિવસના ઇન્ચાર્જ ની નિમણુક કરવી જરૂર જણાય તો સહઇન્ચાર્જની પણ નિમણુક કરવી.

૨. યોગ ઇન્ચાર્જની તાલીમ માટે ટ્રેનર્સની ફાળવણી જે તે જિલ્લા કલેકટરશ્રીની કચેરીમાંથી થવાની છે તો જરૂર જણાય તો ટ્રેનર્સની સંખ્યાની વિગત યુનિવર્સિટી કે સ્થાનિક કલેકટરશ્રીની કચેરીમાં જાણ કર્યે ટ્રેનર્સની ફાળવણી કરવામાં આવશે.

૩. યોગ દિવસના કાર્યક્રમનું નિર્દેશન માટેનું સાહિત્ય ww.ayush.gov.in, www.yogamdnly.nic.in અને sgsu.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

૪. કોલેજ કક્ષાના કાર્યક્રમનુ સ્થળ નિશ્ચિત કરી યુનિવર્સિટીને જાણ કરવી. સ્થાનિક કોલેજો એક સ્થળે એકત્રિત કરી કાર્યક્રમ કરી શકશે. એક કરતા વધુ કોલેજોના સામુહિક કાર્યક્રમ વિચારેલ હોયતો તેના સ્થળની યુનિવર્સિટીને જાણ કરવી.

૫. કોલેજો કક્ષાના વિશ્વ યોગ દિવસમાં ભાગ લેનાર ટીચીગ સ્ટાફ, નોન-ટીચિંગ સ્ટાફ અને વિધાર્થીના રજીસ્ટ્રેશનની વિગતવાર માહિતી આ સાથે સામેલ નિયત નમુનાના પત્રકમાં તા. ૧૭/૦૬/૨૦૧૭ સુધીમાં અને તેના ફોટોગ્રાફસ/વિડીયો તા. ૨૩/૦૬/૨૦૧૭ યુનિવર્સિટીને ફરજીયાત મોકલી આપવા.

૬. ૨૧ જુન પહેલા યોગના મહત્વ વિષે કોલેજોમાં વ્યાખ્યાનો રાખવા.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

૭. કોલેજ કક્ષાના NCC/NSS ના સ્વયંસેવકોને જવાબદારી સોંપવી.

૮. સ્થાનિક NGO નો સહયોગ પ્રાપ્ત કરવો. ( જેવા કે, રોટરી, લાયન્સ, જેસીસ વગેરે )

૯. દરેક કોલેજે "AYUSH" દ્વારા પ્રસારિત કરવામાં આવેલ "COMMON YOGA PROTOCOL" પ્રમાણેજ તાલીમ અને નિદર્શન કરવાનું રહેશે.

૯. સંયુક્ત સચિવશ્રી, રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના સંદર્ભમાં દર્શાવેલ ઠરાવની સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવું અને માંગ્યા પ્રમાણેની માહિતી અચૂક મોકલવી.

આપનો વિશ્વાસુ

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ : ઉપર મુજબ

પ્રતિ.
- આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના:
૧. સંયુક્ત સચિવશ્રી, રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર
૨. કલેકટરશ્રી, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, પંચમહાલ, ગોધરા.
૩. કલેકટરશ્રી, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, મહીસાગર.
૪. કલેકટરશ્રી, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, દાહોદ.
૫. કલેકટરશ્રી, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, છોટા ઉદેપુર.
૬. કલેકટરશ્રી, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, વડોદરા.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે કોલેજ દ્વારા ભરવાનું પત્રક

કોલેજનું નામ :

પ્રિન્સિપાલનું નામ : મો :

ડાયરેકટર ઓફ ફિઝી એજયુ.નું નામ : મો :

કોલેજનાં નોડલ ઓફિસરનું નામ : મો :

વિદ્યાર્થીઓની કુલ સંખ્યા : રજીસ્ટ્રેશન થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા :

ટીચીગ સ્ટાફની કુલ સંખ્યા : રજીસ્ટ્રેશન થયેલ ટીચીંગ સ્ટાફની સંખ્યા :

નોન ટીચીગ સ્ટાફની કુલ સંખ્યા : રજીસ્ટ્રેશન થયેલ નોન ટીચીગ સ્ટાફની સંખ્યા :

| ક્રમ | નામ | વિદ્યાર્થી/ટીચીગ સ્ટાફ/ નોન ટીચીગ સ્ટાફ | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

આચાર્યશ્રીની સહી અને સિક્કો

વિશ્વ યોગ દિવસ ઉજવણીની કાર્યવાહી અંગે

ગુજરાત સરકાર
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
બ્લોક નં ૨/૮, સચિવાલય, ગાંધીનગર
ક્રમાંક: એસએજી– ૧૦૨૦૧૭ – GOI – ૭-બ
તારીખ: 30/૦૫/૨૦૧૭

વંચાણે લીધા:

(૧) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા.૨૪/૦૫/૨૦૧૬ ઠરાવ ક્રમાંકએસએજી – ૧૦૨૦૫/ ૭૨૫/ બ

(૨) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા.૧૯/૦૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક૧૦૨૦૧૭/ GOI – ૭ – બ

ઠરાવ:

સંયુક્તરાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરી છે. તદનુસાર પ્રતિવર્ષ ૨૧ જૂન ને "વિશ્વ યોગ દિવસ" તરીકે ઉજવવાનું સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા જાહેર કરાયું છે.ભારત સરકારે યોગ વિદ્યાની મૂળભૂમિ એવા ભારતમાં સંપૂર્ણ રાષ્ટ્રમાં આ સંદર્ભે તે દિવસે વિરાટ અને વિસ્તૃત રીતે દરેક ગામમાં અને શહેરમાં વિવિધ સ્થળોએ કાર્યક્રમોનું આયોજન કરવા નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારે વંચાણે લીધેલા ક્રમ (૨)ના તા.૧૯/૦૫/૨૦૧૭ના ઠરાવથી સમગ્ર રાજ્યમાં "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યો અને કાર્યક્રમો યોજવા રાજ્ય, જીલ્લા અને તાલુકા-કક્ષાની સમિતિઓની રચના કરવામાં આવેલ છે. તે મુજબ દરેક સમિતિઓએ નિર્ધારિત સમય મર્યાદા મુજબ કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

ઉક્ત સમિતિઓ દ્વારા "વિશ્વ યોગ દિવસ" ઉજવણી સંદર્ભે પૂર્વ તાલીમ, નિદર્શન, વ્યવસ્થાપન, સેનિટેશન, સ્થળ પસંદગી અને કાર્યક્રમ સંચાલન તથા ડેટા સંકલનની તમામ કામગીરી કરવાની રહેશે.

સરપંચ, તાલુકા પંચાયત/જીલ્લા પંચાયતનાં પ્રમુખશ્રીઓ, સભ્યશ્રીઓ, નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, સભ્યશ્રીઓ, મહાનગરપાલિકાના મેયરશ્રીઓ, સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સાંસદસભ્યશ્રીઓ તથા બોર્ડ કોર્પોરેશનનાં સભ્યશ્રીઓ, ચેરમેનશ્રીઓ તેમજ તમામ પદાધિકારીશ્રીઓને સાંકળીને સદર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થાય તે મુજબ કામગીરી કરવાની રહેશે.

(૨) ક્ષેત્રીય સ્તરે યોગ તાલીમ માટે બૃહદ વ્યવસ્થા નીચે પ્રમાણે રહેશે.

- દરેક તાલુકા મુખ્ય મથકે બે કેન્દ્રો ૨૪૮x ૨= ૪૯૬
- દરેક જીલ્લા મુખ્ય મથકે પાંચ કેન્દ્રો ૩૩x ૫= ૧૬૫
- દરેક નગરપાલિકામાં બે કેન્દ્રો ૧૫૯x ૨= ૩૧૮
- દરેક મહાનગરપાલિકામાં વહીવટી વોર્ડ વાર એક કેન્દ્ર x ૮ મહાનગરપાલિકા
- સરકારી/ ખાનગી પ્રાથમિક શાળાઓ ખાતે તેમજ ગામ/ શહેરનાં લોકો માટે જરૂર પડ્યે મેદાન/ બગીચા વિગેરે સ્થળે વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
- ખાનગી માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ૧૦૦૫૯
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ : ૧૮૫૭
- કોલેજો : ૧૦૩૩ (કોલેજદીઠ ૫૦૦)
- યુનિવર્સિટી અન્ય સંસ્થાઓ ૮૪ (યુનિવર્સિટી દીઠ ૫૦૦)
- પોલિટેકનીક : ૧૦૫ (પોલિટેકનીક દીઠ ૫૦૦)
- એન્જિનિયરીંગ અને ફાર્મસી કોલેજો : ૧૯૮
- આઈ.ટી.આઈ. : ૩૬૦(આઈ.ટી.આઈ.દીઠ ૫૦૦)
- એન.સી.સી કેડેટ તાલીમ: ૫૦,૦૦૦
- જી.આઈ.ડી.સી. એસ્ટેટો/ અન્ય એસ્ટેટ/ કારખાનાઓ

ઉક્ત કેન્દ્રોમાં તાલીમની વ્યવસ્થા કરી આ સ્થળોએ નિદર્શન કાર્યક્રમ રાખી, વિશ્વ યોગ દિવસ(૨૧ જુન)નાં રોજ વધુમાં વધુ સંખ્યામાં યોગનાં કાર્યક્રમમાં લોકો હાજર રહે તેવું આયોજન કરવાનું રહેશે. ગામ અથવા શહેરના લોકો માટે જરૂર પડ્યે મેદાન/ બગીચાઓમાં વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૩) યોગઅભ્યાસ અને તાલીમ માટે જીલ્લા તથા તાલુકા સ્તરે સમિતિઓ દ્વારા જાહેર સ્થાનોની પસંદગી કરવાની રહેશે. ખાસ તો સ્થાનિક વિસ્તારમાં આવેલ જાહેર ઉદ્યાનો, બગીચાઓ, ખૂલ્લા મેદાનો, શાળા અને કોલેજોનાં કમ્પાઉન્ડ તથા અન્ય ખુલ્લા સ્થળો નક્કી કરીને તે સ્થળો જે તે સંસ્થાને યોગ નિદર્શન માટે ફાળવી આપવવાનાં રહેશે.

(૪) જે તે સ્તરની સમિતિઓ દ્વારા સમગ્ર સ્થાનિક વિસ્તારમાં તા. ૨૧મી જૂન "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણી નિમિત્તે યોગ નિદર્શન કાર્યક્રમ માટેનું આયોજન કરવાનું રહેશે.

(૫) રાજ્ય સ્તરે ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટયુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ-ઇન્ફોર્મેટીક(બાયસેગ) દ્વારા તા. ૨૧ જુન નાં રોજ કેન્દ્રીયકૃત રીતે યોગ નિદર્શન માટે સવારે સાત વાગ્યે નિશ્ચિત સમયનો ૪૫ મિનીટનો પ્રોગ્રામ રીલે કરાશે. જે અગાઉથી સંદેશ આદિનું પ્રસારણ કરવાનું રહેશે. આ પ્રસારણને ગામ, તાલુકા તથા જીલ્લા સ્તરે ઉપલબ્ધ સામુહિક ટી.વી. કેન્દ્રો અને રાજ્ય નેટવર્ક પ્રસારણ સહિતના માધ્યમો દ્વારા પહોચાડવાનું રહેશે.

(૬) યોગ નિદર્શનનાં કાર્યક્રમનો વિશાળ પાયે જનતા ઉમળકાભેર ભાગ લે તે માટે સ્થાનિક લોકભાગીદારી સ્વૈચ્છિક/ વ્યવસાયિક સંસ્થાઓ જેવી કે સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ,

લાયન્સ ક્લબ, રોટરી ક્લબ, સ્થાનિક ક્લબો, સંસ્થાઓ, જેસીસ, ડોક્ટર્સ એસોસિએશન, વકીલ મંડળો, ટીચર્સ એસોસિએશન આદિનો સંપર્ક કરી લોકભાગીદારીથી આયોજન કરવાનું રહેશે.

(૭) વિદ્યાર્થીઓ માટે શાળા અને કોલેજ સ્તરે એન.સી.સી. અને એન.એસ.એસ. મારફતે તથા નેહરુ યુવા કેન્દ્ર અને વિવેકાનંદ યુવક મંડળનાં સભ્યોનો સમાવેશ કરીને તેઓને તથા તેઓ દ્વારા યોગ નિદર્શન માટે આયોજન કરવાનું રહેશે. આ સંદર્ભે શિક્ષણ વિભાગનાં પરામર્શમાં રહી મળેલ સુચના મુજબ કામગીરી કરવાની રહેશે.

(૮) સંસ્કૃતિ અને તાલીમલક્ષી સંસ્થાઓ જે યોગ અભ્યાસમાં પ્રવૃત છે, જેમ કે આર્ટ ઓફ લીવીંગ, બ્રહ્માકુમારી, પતંજલિ યોગ સમીતી, સ્વાધ્યાય પરિવાર, દાદા ભાગવાન, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, બોચાસણવાસી અક્ષર પુરષોત્તમ સંસ્થા, રામકૃષ્ણ મિશન આદિ સંસ્થાઓને સમગ્ર કાર્યક્રમ માટે નિમંત્રિત કરી આ કાર્યક્રમનાં પ્રચાર પ્રસાર તેઓ થકી પણ વિસ્તૃત રીતે થાય તેમ કરવાનું રહેશે.

(૯) જીલ્લા-તાલુકા સ્તરની પ્રથમ બેઠક તારીખ ૦૧ થી ૦૬ જૂનનાં સમય દરમિયાન વિવિધ સ્ટેક હોલ્ડરની મીટીંગ આયોજિત કરી તેમાં સ્થળોની તેમજ માસ્ટર્સ યોગ ટ્રેનર્સની પસંદગી આખરી કરી દેવાની રહેશે. તેમજ માસ્ટર ટ્રેનર્સને જરૂરિયાત મુજબની તાલીમ આપવાની રહેશે.

(૧૦) પસંદગીકૃત સ્થળો પર તારીખ ૦૭ થી ૧૩ જૂન દરમ્યાન તમામ પી. ઈ. ટીચર્સ તથા વિષય ઉત્સુક અન્ય શિક્ષકો માટે તાલીમ માસ્ટર ટ્રેનર્સ દ્વારા આપવાની રહેશે.

(૧૧) તારીખ ૧૪ થી ૨૦ જૂન દરમિયાન વિદ્યાર્થીઓ તેમજ જાહેર જનતા માટે યોગાભ્યાસનું આયોજન નક્કી કરેલા સ્થળોએ (શાળા/ કોલેજો/ કારખાના/ કચેરીઓ/ બગીચાઓ/ મેદાનો) કરવાનું રહેશે.

(૧૨) તારીખ ૨૧ જૂન "વિશ્વ યોગ દિવસ"નાં દિવસે નિર્ધારિત જાહેર સ્થળોએ યોગ નિદર્શન કાર્યક્રમ આયોજિત કરાશે.

(૧૩) કલેક્ટરશ્રીઓ અને મહાનગરપાલિકાનાં કમિશનરશ્રીઓ દ્વારા રચનાત્મક વિશિષ્ટ અને આગવા કાર્યક્રમો થાય તે જોવાનું રહેશે. જેમકે સૌનું ધ્યાન યોગ તરફ આકર્ષિત કરે તે મુજબના વિશીષ્ટ કાર્યક્રમો વિચારી શકાય.

આ ઉપરાંત નીચેની બાબતો ધ્યાને લેવાની રહે છે.

(૧૪) "AYUSH"દ્વારા પ્રસારિત કરવામાં આવેલ Common Yoga Protocol પ્રમાણે જ તમામ સ્તરે યોગ તાલીમ અને નિદર્શન કરવાનું રહેશે, જે "AYUSH" ની વેબસાઈટ www.ayush.gov.in અને www.yogamdniy.nic.in તેમજ sgsu.gujarat.gov.in પરથી મેળવી શકાશે.

(૧૫) તારીખ ૦૭મી જુન થી ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટયુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ-ઇન્ફોર્મેટીક(બાયસેગ) દ્વારા પ્રતિદિન સવારે ૭:૦૦ વાગ્યે અને અન્ય તબક્કે "AYUSH" આધારિત યોગ નિદર્શન Common Yoga Protocolનું પ્રસારણ કરાશે.

(૧૬) ભારત સરકાર દ્વારા યોગ નિદર્શન માટે બહાર પડાયેલ Common Yoga Protocol-"AYUSH" ની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે જે સર્વ કેન્દ્રો અને સ્થળોએ થાય તે મુજબનું આયોજન કરવાનું રહેશે. કેન્દ્રો પર પ્રસારણની સરળ ઉપલબ્ધી માટે યોગ્ય સંખ્યામાં ટી.વી. સેટ વ્યુહાત્મક રીતે નિદર્શન ઉપલબ્ધ બને તેમ જરૂર હોય તો લગાવવાના રહેશે. કેન્દ્રસ્થળે એક સાદું પ્લેટફોર્મ મહાનુભાવોની ઉપસ્થિતિ માટે ઉભું કરાય અને પ્રસારણને સમાંતર યોગ નિષ્ણાંત પ્રશિક્ષક દ્વારા માઈક પર સરળ સૂચનાઓ પ્રસારિત કરાય તેવું આયોજન કરવાનું રહેશે. પ્રતિ સો વ્યક્તિએ યોગ પ્રશિક્ષકની સુપરવિઝન ઉપલબ્ધી નાગરિકોને સહાયક નીવડી શકે.

(૧૭) યોગ નિદર્શનમાં ભાગ લેતા નાગરિકો માટે ડ્રેસકોડ તરીકે સફેદ હળવા વસ્ત્રો સામાન્યતઃ રહે તેવું ઇચ્છનીય છે. તેમ છતાં યોગાસનો કરવા માટે અનુકુળ વસ્ત્રો હોય તે સૂચિત કરવાનું રહેશે.

(૧૮) દરેક સંસ્થા અને કેન્દ્ર ખાતે સંચાલન અને સંકલન માટે સંબંધીત અધિકારીઓ અને/અથવા સંસ્થાને અગ્ર સંકલનકાર તરીકે નીમવાના રહેશે. તેઓ દ્વારા યોગ નિદર્શનમાં હાજર રહેનાર સંખ્યાની નોંધણીની કાર્યવાહી કરવાની રહેશે. કોલેજો માટે પ્રિન્સિપાલ તથા પ્રાથમિક/માધ્યમિક શાળા માટે જે તે શાળાના પ્રિન્સીપાલને, નોડલ અધિકારી તેમજ પી. ઈ. અથવા અન્ય શિક્ષકને સહનોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવાના રહેશે.

(૧૯) જીલ્લા તાલુકા કાર્યક્રમમાં દિવ્યાંગ વ્યક્તિઓ પણ ભાગ લે તે માટે આયોજન કરવાનું રહેશે. જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી, કલેકટરશ્રીનાં સંપર્કમાં રહી આ અંગેની કાર્યવાહી કરશે.

(૨૦)જીલ્લામાં આવેલ મોટા ઔદ્યોગિક ગૃહો તથા જી.આઈ.ડી.સી. એસ્ટેટમાં પણ સદર કાર્યક્રમ યોજાય તે માટે સંબંધિત જીલ્લા ઉદ્યોગ અધિકારીશ્રીને ઉદ્યોગ વિભાગ દ્વારા જરૂરી સૂચનાઓ આપવાની રહેશે. કલેકટરશ્રી આ બાબત તેમના આયોજનમાં સમાવી લેશે.

(૨૧) રાજ્યમાં આવેલી જેલોમાં પણ આ કાર્યક્રમ થાય તે મુજબ જ આયોજન કરવાનું રહેશે. આ અંગે મહાનિર્દેશક (જેલ) દ્વારા સંકલન કરવાનું રહેશે.

(૨૨) તાલુકા અને જીલ્લા સમિતિઓ દ્વારા પોતાના વિસ્તારમાં નક્કી કરેલા સ્થળોએ ભાગ લેતી સંસ્થાઓ અને ભાગીદારીની સંખ્યા સહિતની વિગતોનું ડોક્યુમેન્ટેશન યોગ્ય રીતે થાય તથા જીલ્લા સ્તરે તે યોગ્ય રીતે પૂરું પડાય તે જોવાનું રહેશે. કલેકટરશ્રી જે તે જીલ્લાનાં

ડોક્યુમેન્ટેશનની વિગતો, તૈયારી અને સોંપણી માટે જવાબદાર રહેશે. આ માટે એક નોડલ આધિકારીની નિમણુંક કરવાની રહેશે.

(૨૩) જીલ્લા સમિતિ દ્વારા તેમના જીલ્લાનાં તમામ ડેટા એકઠા કરી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીની વેબસાઈટ sgsu.gujarat.gov.in પર મુકેલ International Yoga Day લીંક પર જઈ DATA UPLOAD પર ક્લિક કરી તેમા સુચવેલ INSTRUCTIONAL MANUAL મુજબ (૧) તારીખ ૦૧ થી ૦૬ જુન દરમિયાન સ્થળો અને માસ્ટર્સ ટ્રેઈનર્સની વિગતો (૨) તારીખ ૦૭ થી ૧૩ જુન દરમિયાન ટ્રેનર્સને માસ્ટર્સ ટ્રેઈનર્સ દ્વારા અપાતી ટ્રેનીગની વિગતો (૩) તારીખ ૧૪ થી ૨૦ જુન દરમિયાન યોજાયેલ યોગાભ્યાસની વિગતો (૪) તારીખ ૨૧ જુનનાં રોજ યોજાયેલ કાર્યક્રમની વિગતો તેમજ વિશીષ્ટ આયોજનની વિગતો તેમાં ભરવાની રહેશે.

કલેકટરશ્રીઓ, નગર પાલિકા અને કમિશનરશ્રી, મહાનગરપાલિકાઓએ રજીસ્ટ્રેશન માટે વેબસાઈટની વ્યવસ્થા કરવાની રહેશે. જેમાં ભાગ લેનારની સંખ્યા, જગ્યાની પસંદગી, યોગ તાલીમ માટે તેમજ નિદર્શન માટે કરી શકાશે. આ ઉપરાંત કલેકટરશ્રીઓ અને કમિશનરશ્રીઓ દ્વારા વિશીષ્ટ અને રચનાત્મક કાર્યક્રમો થાય તે જોવાનું રહેશે. જેઓ દ્વારા સમગ્ર રાજ્યમાં યોગ નિદર્શન અંગે થયેલ કર્યવાહીનો સંકલિત અહેવાલ સરકાર સમક્ષ ૧લી જુલાઈનાં રોજ રજુ કરવાનો રહેશે.

(૨૪) કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ હેલ્થ પોર્ટલ પર લીંક શરુ કરાઈ છે. તેમાં સમગ્ર રાષ્ટ્રના જિલ્લાવાર મથકો તથા ભાગીદારોની સંખ્યા કલેક્ટર દ્વારા અપલોડ કરવાની સુચના છે આથી તે મુજબ પણ કાર્યવાહી કરવાની રહેશે.

(૨૫)જેમ જેમ શહેરવાર, ગામવાર, કેન્દ્રવાર રજીસ્ટ્રેશન થાય તેમ તેમ રોજે રોજની માહિતી અપલોડ કરવાની રહેશે.

(૨૬) સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતનાં યોગ ઇન્સ્ટ્રકટર, લકુલીશ યોગ યુનિવર્સિટીનાં યોગ પ્રશિક્ષક તથા શાળા કોલેજનાં વ્યાયામ શિક્ષકો અને સ્વૈચ્છિક સંસ્થાનાં યોગ નિષ્ણાતો, સ્વૈચ્છિક સંસ્થાનાં યોગ પ્રશિક્ષકો જરૂરી તાલીમ તથા પ્રસારણ સેવા માટે પ્રથમ પસંદગીપાત્ર રહેશે.

(૨૭) જીલ્લા અને તાલુકા સ્તરે કેબલ નેટવર્કની અંદર આ માટે સ્કોલ દ્વારા યોગદિવસ ઉજવણીનું વિજ્ઞાપન થાય અને સ્થાનિક અખબારોમાંતેને લગતી યોગ્ય પ્રસિદ્ધિ મળે તે માટેના પૂરતા પ્રયત્નો કરવાના રહેશે.

(૨૮) રાજ્યસ્તરની સમિતિ દ્વારા આ ઉપરાંત જે વિશેષ સૂચનાઓ બહાર પડાય તે ક્ષેત્રીય અધિકારીઓને યથા સમયે ઈ-મેલથી મોકલાશે. તેમ છતાં સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં લઈ તેઓ દ્વારા મહત્તમ યોગ પ્રશિક્ષણ કાર્ય માટે જરૂરી સર્વ પગલા લેવા તેઓ અધિકૃત રહેશે.

(૨૯) સર્વે કલેકટરશ્રીઓને ઉક્ત કાર્યક્રમના આયોજન સહાય સ્વરૂપે સરકારશ્રી દ્વારા જે ગ્રાન્ટ મંજૂર થાય તદનુસાર જીલ્લાદીઠ ફાળવણી કમિશનરશ્રી યુવક સેવા અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા કરાશે. આ ઉપરાંત લોકભાગીદારીથી તેમજ કાર્યક્રમમાં મહત્તમ લોકો ભાગ લે તે રીતનું આયોજન કરવાનું રહેશે.

(૩૦) યોગ તાલીમ અને નિદર્શનમાં લોકભાગીદારી માટે આયોજનની વિગતો રજુ કરવા માટે નોડલ ઓફિસરની નિમણુંક કરવાની રહેશે જેની વિગતો નિયત પત્રક પરિશિષ્ટ - ૧ તરીકે સામેલ છે જે ભરીને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનેiyd.sgsu@gmail.com ઉપર મોકલવાનું રહેશે.

(૩૧) કામગીરીની વિગતવાર વહેચણી માટે પરિશિષ્ટ - ૨ સામેલ છે. તે મુજબ સંબંધીતો સાથે સંપર્ક કરી કામગીરીની વહેંચણી આયોજન કરવાનું રહેશે.

(૩૨) કેન્દ્ર- સંસ્થાવાર ભાગીદારીના સૂચિત લઘુત્તમ લક્ષ્યાંક માટે પરિશિષ્ટ - ૩ સામેલ છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુરેશ કાનાબાર)
સંયુક્ત સચિવ
રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવૃત્તિઓ વિભાગ

બિડાણ: ઉપર મુજબ
પરિશિષ્ટ ૧ થી ૩

--

પ્રતિ,

- માનનીયમુખ્યમંત્રીશ્રીનાં સચિવશ્રી
- માનનીય મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રી/ માનનીય રા.ક. મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રી (પ્રભારી મંત્રીશ્રી તરીકે)
- મુખ્ય સચિવશ્રીનાં નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- રાજ્યસરકારના તમામ વિભાગના અ.મુ.સ.શ્રી., અગ્રસચિવશ્રી, સચિવશ્રી, (પ્રભારી સચિવશ્રી તરીકે) સચિવાલય, ગાંધીનગર
- શ્રી પી. ડી. વાઘેલા, આઈ.એ.એસ. ,વાણીજ્ય વેરા કમિશનરશ્રી, અમદાવાદ
- કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર
- ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર
- વાઈસ ચાન્સેલરશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર
- વાઈસ ચાન્સેલરશ્રી, લકુલીશ યોગ યુનિવર્સિટી, અમદાવાદ
- સર્વે મ્યુનીસીપલ કમિશનરશ્રી
- સર્વે જીલ્લા કલેકટરશ્રી (સર્વે સંબંધિતોને જાણ કરવાની સુચના સહ)
- શ્રી ટી. પી. સિંઘ, નિયામકશ્રી, બાયસેગ, ગાંધીનગર
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી
- સર્વે જીલ્લા પોલીસ વડાશ્રી
- જેલ મહાનિર્દેશકશ્રી, અમદાવાદ
- માહિતી કમિશનરશ્રી, માહિતી વિભાગ, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ